# GDB-2431-32-33 Seat No.________

# M. A. (Sem. III) Examination

**January - 2016**

## Gujarati : Paper - 304

*(Elective Course) (New Course)*

**૧. સાહિત્ય પત્રકારત્વ (Option - I)**

**૨. સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ : ગદ્ય (નવલકથા)**
**(જીવતર : યોગેશ જોષી) (Optional - II)**

**૩. સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ - પદ્ય (સૉનેટ)**
**(આપણાં સૉનેટ : સં. ચંદ્રશંકર ભટ્ટ) (Optional - III)**

Time : 3 Hours] [Total Marks : 70

### ૧. સાહિત્ય પત્રકારત્વ (Option - I)

**સૂચના :** દરેક સવાલના ગુણ સરખા છે.

૧ સમૂહ માધ્યમ એટલે શું ? તે સ્પષ્ટ કરી તેના પ્રકારોનો પરિચય આપો. ૧૪

**અથવા**

૧ સમૂહ માધ્યમની વિભાવના સ્પષ્ટ કરી લોકશાહીમાં તેની ભૂમિકાની ચર્ચા કરો.

૨ સાહિત્યિક પત્રકારત્વની વિભાવના સ્પષ્ટ કરી તેનું પ્રયોજન ચર્ચો. ૧૪

**અથવા**

૨ સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરી સાહિત્યિક પત્રકારત્વનું કાર્યક્ષેત્ર ચર્ચો.

૩ સુધારક યુગનાં સામયિકોનો પરિચય કરાવો. ૧૪

**અથવા**

૩ પંડિતયુગનાં કોઇ બે સામયિકોનો વિગતે પરિચય આપો.

૪ નીચેનામાંથી કોઇ એકનું ગુજરાતી પત્રકારત્વક્ષેત્રે પ્રદાન મૂલવો. ૧૪

(૧) કનૈયાલાલ મુનશી

(૨) ઝવેરચંદ મેઘાણી

(૩) ગાંધીજી.

૫ ટૂંકમાં જવાબ આપો : (કોઇ પણ સાત) ૧૪

(૧) 'દાંડિયો'ના સ્થાપક અને સંપાદક કોણ હતા ? તે ક્યાંથી પ્રકાશિત થતું હતું ?

(૨) 'વીસમી સદી'ના સ્થાપકનું નામ જણાવો. તે ક્યાંથી પ્રકાશિત થતું હતું ?

(૩) સાહિત્યિક પત્રકારત્વનાં પ્રયોજનો કયાં ?

(૪) સાહિત્યિક પત્રકારત્વનું કાર્યક્ષેત્ર જણાવો.

(૫) 'ઉદ્દેશ' કોણે શરૂ કર્યું ? આજે તેની શી સ્થિતિ છે ?

(૬) સુરેશ જોશીએ કયાં પત્રો ચલાવ્યાં હતાં ?

(૭) દૈનિક-પત્રોનું પ્રયોજન શું હોય ?

(૮) 'પ્રત્યક્ષ' સામયિક કોણ પ્રકાશિત કરે છે ? તેમાં કેવા પ્રકારનાં લખાણ પ્રકાશિત થાય છે ?

(૯) ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક કઈ સંસ્થા સાથે સંકળાયેલું છે ? તે કયા શહેરમાંથી પ્રકાશિત થાય છે ?

(૧૦) 'પ્રિયંવદા' સામયિક કોણે શરૂ કરેલું ? તે કયા યુગમાં પ્રકાશિત થતું હતું ?

(૧૧) અનુગાંધી યુગનાં બે સામયિકોનાં નામ આપો.

(૧૨) ઉમાશંકર જોશીનું નામ કયા સામયિક સાથે સંકળાયેલું છે ? તે ક્યારથી શરૂ કરેલું ?

## ૨. સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ : ગદ્ય (નવલકથા)
## (જીવતર : યોગેશ જોષી) (Optional - II)

સૂચના : (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ ગદ્ય એટલે શું ? ગદ્યની વિભાવના સ્પષ્ટ કરો.

અથવા

૧ ગુજરાતી સાહિત્યના મુખ્ય ગદ્ય સાહિત્ય સ્વરૂપોનો પરિચય કરાવો.

૨ લઘુનવલની વ્યાખ્યા આપી તેનાં ઘટકતત્ત્વો ચર્ચો.

અથવા

૨ ગુજરાતી નવલકથા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારા પ્રમુખ નવલકથાકારોનાં યોગદાનને મૂલવો.

૩ 'જીવતર' લઘુનવલની સિદ્ધિ-મર્યાદા ચર્ચો.

અથવા

૩ 'જીવતર' લઘુનવલના આધારે યોગેશ જોશીની પાત્રચિત્રણ કલા ચર્ચો.

૪ ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે)
(૧) નવલકથા અને ટૂંકી વાર્તા
(૨) ગાંધીયુગીન નવલકથા
(૩) વિધવા રેવાની દુર્દશા
(૪) 'જીવતર'નું ગદ્ય.

૫ ટૂંકમાં ઉત્તર લખો : (ગમે તે સાત)

(૧) ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા, તેના કર્તા અને રચના સાલ જણાવો.

(૨) ગુજરાતી ગદ્યના પિતા તરીકે કોણ ઓળખાય છે ? તેમની બે નોંધપાત્ર કૃતિઓનાં નામ જણાવો.

(૩) ગુજરાતી સાહિત્યના પ્રમુખ ગદ્યપ્રકારો જણાવો.

(૪) ગાંધીયુગના કોઈ પણ ચાર વાર્તાકારોનાં નામ અને તેમના વાર્તાસંગ્રહનાં નામ આપો.

(૫) નવલકથાની કોઈ પણ બે વ્યાખ્યા આપો.

(૬) બે ઐતિહાસિક નવલકથાકારો અને તેમની બે-બે કૃતિઓનાં નામ જણાવો.

(૭) રમણ પ્રત્યે રેવાને કેવી સંવેદના હતી ?

(૮) રેવામાની સ્થિતિ કેમ કફોડી થઈ ?

(૯) 'જીવતર' લઘુનવલનો આરંભ અને અંત દર્શાવો.

(૧૦) જાનપદી નવલકથાની વ્યાખ્યા આપી કોઈ પણ ચાર જાનપદી નવલકથાકાર અને તેમની કૃતિઓનાં નામ આપો.

(૧૧) યોગેશ જોશીની કૃતિઓનાં ગદ્ય-પદ્ય-નામ જણાવો.

(૧૨) ગામમાં રમણની આબરૂ કેવી હતી ?

## ૩. સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ - પદ્ય (સૉનેટ) (આપણાં સૉનેટ : સં. ચંદ્રશંકર ભટ્ટ) (Optional - III)

સૂચના : દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ કવિતાની વિભાવના સમજાવી, કવિતાનાં ઘટકતત્ત્વોનો પરિચય આપો. **૧૪**

**અથવા**

૧ સૉનેટ સિવાયના કોઈ એક પ્રમુખ પદ્ય સ્વરૂપની સમજ આપો. **૧૪**

૨ સૉનેટનાં ઉદ્‌ભવબળો સ્પષ્ટ કરી તેનાં આંતર-બાહ્ય લક્ષણો ચર્ચો. **૧૪**

**અથવા**

૨ સૉનેટ કાવ્યસ્વરૂપનો વિકાસ આલેખો. **૧૪**

૩ નીચેનામાંથી કોઈ પણ એક સૉનેટની સમીક્ષા કરો. **૧૪**

(૧) ભણકારા

(૨) છેલ્લું દર્શન

(૩) વિદાય.

૪ નીચેનામાંથી કોઈ પણ બે ટૂંકનોંધ લખો. **૧૪**

(૧) સુન્દરમ્‌નાં સૉનેટ કાવ્યો.

(૨) 'રહ્યાં વર્ષો તેમાં' કાવ્યનો ધ્વનિ

(૩) ગુજરાતીમાં સૉનેટમાળા

(૪) ગુજરાતી સૉનેટમાં પ્રગટતાં આધુનિક વલણો.

૫ ટૂંકમાં ઉત્તર લખો : (ગમે તે સાત) ૧૪

(૧) કવિતાનું સૂક્ષ્મ ઉપાદાન શું છે ? એના દ્વારા કવિ શું અભિવ્યક્ત કરે છે ?

(૨) સૉનેટના કેટલા પ્રકાર છે ? કયા કયા ?

(૩) ગુજરાતીના ત્રણ શ્રેષ્ઠ સૉનેટ કવિનાં નામ આપી તેમનાં બે-બે સૉનેટ જણાવો.

(૪) સૉનેટમાળા એટલે શું ? 'આયુષ્યના અવશેષે' સૉનેટમાળા કયા કવિએ આપી છે ?

(૫) 'ભરતી' સૉનેટના કવિ કોણ છે ? એમાં કઈ ભરતીનું નિરૂપણ થયું છે ?

(૬) 'વળાવી, બા આવી'માં પ્રગટતું બાનું કરુણમધુર વ્યક્તિત્વ આલેખો.

(૭) ઉમાશંકર જોશીએ કઈ સૉનેટમાળા આપી છે ? એમાં કવિ કઈ ભાવસ્થિતિ રજૂ કરે છે ?

(૮) 'જૂનું ઘર ખાલી કરતાં'નો અંત સમજાવો.

(૯) 'ઉપહાર' સૉનેટના કવિ કોણ છે ? કયા નિમિત્તે એ સૉનેટ રચાયું છે ?

(૧૦) 'આધુનિક અરણ્ય'માં કવિ કયા નગરને નિરૂપે છે ? એ નગરની વિભિષિકા શી છે ?

(૧૧) બ.ક. ઠાકોરનાં, નારીની ભાવસ્થિતિ પ્રગટાવતાં કોઈ પણ ત્રણ ખ્યાત સૉનેટનાં નામ આપો.

(૧૨) સાંપ્રત સમયમાં સૉનેટની રચના કરનાર બે સૉનેટ કવિઓનાં નામ લખો.

---